No. of Printed Pages: 2

Seat No ________

[7]

SARDAR PATEL UNIVERSITY

S.Y.B.A. Examination, 4th Semester

(CBCS) (ON DEMAND) (NC)

Date :11/8/2023

Time: 10:00 AM TO 01:00 PM

Subject Code: UA04SGUJ21

Title: ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ ભાગ- 4

Total marks - 70

---

**સૂચના :- જમણી બાજુ આપેલ અંક ગુણ દર્શાવે છે.**

**પ્રશ્ન : ૦૧ :** અખબારી પત્રકારત્ત્વમાં તસવીરોનું મહત્ત્વ ઉદાહરણ સહિત સમજાવો. (૧૭)

**અથવા**

સમાચારપત્રમાં આવતા કટાક્ષચિત્રો વિષે સમજ આપી તેની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**પ્રશ્ન : ૦૨ :** જાહેરાત શા માટે ? તે સ્પષ્ટ કરી જાહેરખબરોની મનોવૈજ્ઞાનિક અસરો વિષે નોંધ લખો.(૧૮)

**અથવા**

જાહેરખબરી અને સામાજિક જાગૃતિ વિષે સવિસ્તાર ચર્ચા કરો.

**પ્રશ્ન : ૦૩ :** તાજેતરમાં કોરોમંડલ એક્સપ્રેસ ટ્રેનને નડેલા અકસ્માતનો વિગતવાર અહેવાલ લખો. (૧૭)

**અથવા**

આપના સમાજમાં તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન માટે યોજવામાં આવેલ સમારંભનો અહેવાલ લખો.

**પ્રશ્ન : ૦૪ : નીચેનામાંથી ગમે તે એક ગદ્યખંડનું સંક્ષેપિકારણ કરો.** (૧૮)

જગતની સૌ કડીમાં સ્નેહની સર્વથી વડી, એક નાનકડી કન્યા મારી પાસે હસ્તાક્ષર લેવાને આવેલી અને મને કહેલું કે એક કડી લખી આપો. મારી આસપાસ અનેક મિત્રો ઊભા હતા. ગૂજરાત વિદ્યાપીઠનું એ ચોગાન હતું અને ત્યાં એક મોટા સમારંભે હું ગયેલો. એણે મારા હાથમાં હસ્તાક્ષરપોથી મૂકી અને એના 'કડી' શબ્દને પકડીને ઉપરની પંક્તિ આવી ગઈ. એણે કહેલો કડી શબ્દ અહી બીજા અર્થમાં પ્રગટ થઈ ગયો અને પંક્તિ જાણે ઉપર તૈયાર થઈ બેઠી હોય તેમ ઉતરી પડી. હવે આમાં આપણે કઈ પ્રક્રીયા કહીશું ? ભાષામાં શબ્દો એક કરતાં વધુ અર્થ ધરાવે છે. પણ મારુ બાહ્ય મન એ શ્લેષની શોધમાં ગયેલું નહી. શબ્દોની આ બહુ-અર્થતા મારા સંસ્કાર ભંડારમાં પડેલી જ હતી. આ શ્લેષ થાય છે એ ખ્યાલ પણ પછીથી આવ્યો. પણ કડી એટલે પંક્તિનો અર્થ ધકેલાઈ જઈ સાંકડમાની કડી એ અર્થ ચળક્યો, મને એ સાંકળનારું તત્ત્વ તો પ્રેમ છે,

પણ પ્રેમ એ સૌની સાથે વર્ણસંગીત સાધતો સ્નેહ શબ્દ આવી ગયો. તેને જ પકડીને બીજો સ થી શરૂ થતો સર્વથી આવ્યો. અને વાડી શબ્દ કડીનો અવાજનો પડઘો પાડતો હોય તેમ તેના અર્થસંભારણા ગહન ગોરંભ સાથે આવી ગયો.

**અથવા**

હું જોઈ શકું છું કે સાહિત્ય સમજવાની આજના ધમાલભર્યા જીવનમાં તમને ફુરસદ ના હોય અને વૃત્તિ પણ ન હોય. પણ તમે નાટક કે સિનેમા કદી જોયા જ નથી એમ કહો એ કેમ મનાય? ગાંધીજીએ પણ છેલ્લે છેલ્લે સિનેમાના કેટલાક દશ્યો જોઈ લીધા હતા. એમ યાદ આવે છે. એ નાટક કે ચલચિત્રોના કેટલાય પ્રસંગો તમને હસાવે છે, રડાવે છે, ભયભીત કરે છે, શૃંગાર અભિમુખ કરે છે, આશ્ચર્ય ઉપજાવે છે, જોમ અર્પે છે, ગુસ્સો કરે છે, કંટાળો ઉપજાવે છે. તમે જાણો છો આવા ભય ઉપજાવતા પ્રસંગો, ગીતો, સંવાદો સાહિત્યને જ સર્જે છે ! આંખમાં આંસુ લાવતા કરૂણ મૃત્યુ ગીતો કે પ્રસંગો પણ સાહિત્ય બની રહે છે. એમ આપ જાણશો એટલે આપણે સ-આનંદા આશ્ચર્ય સમજાશે કે હાલરડાથી માંડીને મૃત્યુના શોકગીત-મરસીયા સુધી એટલે કે બાળજન્મથી માંડીને જીવન અંત સુધી સાહિત્યનું વાતાવારણ વ્યાપી રહ્યું છે.

——— x ———